## પ્રકરણ ૬

# વિશ્વકોશપ્રવૃત્તિ

### પ્રસ્તાવના

ધીરુભાઈ ઠાકરનું ગુજરાતી સાહિત્યના અનેકવિધ સાહિત્યિક સ્વરૂપોમાં કરેલા પ્રદાન બદલ તેમનું સ્થાન મોખરાનું રહ્યું છે. પરંતુ ગુજરાતી સાહિત્યમાં તેમનું ખાસ મહત્ત્વનું પ્રદાન હોય તો તે જીવનના ઉતરાર્ધમાં તેમણે ગુજરાતી ભાષામાં વિશ્વકોશના ૧થી ૨૫ ગ્રંથો સુલભ કરી આપ્યા તે છે. પ્રસ્તુત પ્રકરણમાં ધીરુભાઈ ઠાકરને વિશ્વકોશકાર તરીકે મૂલવવાનો પ્રયત્ન રહ્યો છે. વિશ્વકોશ ટ્રસ્ટની રચના તેમને કેવા સંજોગોમાં આવી, વિશ્વકોશ માટે માહિતીનું સંકલન, સંપાદન, વિષયસામગ્રી, વિવિધ નિષ્ણાતોનો આ કાર્યમાં તેમણે લીધેલો સહયોગ, પરામર્શન ઈત્યાદી બાબતોમાં ધીરુભાઈએ ઉઠાવેલી જહેમતની ચર્ચા હું અહીં કરવા માંગુ છું. આ વિશેની વિગતે ચર્ચા કરતાં પહેલા વિશ્વકોશ શબ્દની વ્યુત્પતિ, વ્યાખ્યા, સ્વરૂપ અને પશ્ચિમમાં, ભારતમાં અને ગુજરાતીમાં વિશ્વકોશ પ્રવૃત્તિના શા પ્રયત્નો થયા તેની આપણે વિગતે ચર્ચા કરીએ.

## વિશ્વકોશની વિભાવના અને વિકાસરેખા

આજનો યુગ એ માહિતીયુગ છે. મુદ્રણ અને વીજાણુ માધ્યમોના કારણે આજે વિશ્વ નાનું બનતું જાય છે. આજે વર્તમાનપત્રો, સામયિકો, પુસ્તકો, ઇન્ટરનેટ અને ટેલીવિઝનના કારણે વિશ્વમાં બનતી ઘટના બે મિનિટમાં આપણે ઘરે બેસીને તેનાથી માહિતગાર થઈએ છીએ. આથી વિશ્વમાં બનતી કોઈ ઘટના કોઈ દેશ કે પ્રદેશવિશેષની ના રહેતા તે વિશ્વની બની રહે છે. ત્યારે દરેક પ્રકારના જ્ઞાનનો પડકાર વિશ્વકોશે ઝીલવાનો હોય છે. પશ્ચિમમાં, ભારતમાં વિશ્વકોશની વ્યુત્પતિ અને તેના પર્યાયો વિશે જોઈએ તો 'વિશ્વકોશ' શબ્દ મૂળ અંગ્રેજી 'એન્સાઈક્લોપીડિયા'નો ગુજરાતી પર્યાય છે. 'એન્સાઈક્લોપીડિયા' enkઙkliou / enkikliou તેમજ paideia/paedeia એમ બે ગ્રીક શબ્દો રહેલા છે. વળી સેન્ચુરી ડિક્ષનરી મુજબ 'એન્સાઈક્લોપીડિયા'નો અર્થ

‘કળા અને વિદ્યાનું ચક્ર’ એવો કરવામાં આવ્યો છે. ઓક્સફર્ડ ડિક્ષનરી અનુસાર ‘એન્સાઈક્લોપીડિયા’ શબ્દને ‘general શ્રour e of in truશ્રion’કરવામાં આવ્યો છે. ‘એવરીમેન્સ એન્સાઈક્લોપીડિયા’ ‘એન્સાઈક્લોપીડિયા’ના મૂળમાં ‘tsa શ્રrશ્રe of learning’નો અર્થ રહ્યો હોવાનું જણાય આવે છે. આ ઉપરાંત ભારતમાં જ્ઞાનકોશાત્મક ગ્રંથો માટે જુદા જુદા વિદ્વાનોએ અલગ અલગ અર્થ આપ્યા છે. જેમ કે ભોગીલાલ ગાંધીએ ‘જ્ઞાનગંગોત્રી’, બંસીધર શુકલે ‘જ્ઞાનસંહિતા’, નટવરલાલ શાહે ‘જ્ઞાનસંચય’, વંદના મહેતાએ ‘જ્ઞાનમંજૂષા’ તરીકે ઓળખાવે છે. વળી ‘ભગવદ્દગોમંડલે’ વિશ્વકોશના પર્યાય તરીકે જે શબ્દો આપ્યા છે તેમાં મોટાભાગે ‘વિશ્વજ્ઞાનસંગ્રહ’, ‘સર્વકોષ’, ‘સર્વવિદ્યામાળાસંગ્રહ’, સર્વવિદ્યાસંગ્રહકોષ’ અને ‘સર્વસંગ્રહ’ નોંધપાત્ર બની રહે છે. ‘સાર્થ જોડણીકોશ’માં ‘સર્વસંગ્રહ’ શબ્દ ‘ગેઝેટિયર’ના અર્થમાં વપરાયેલો જોવા મળે છે. વળી આપણી પ્રાચીન ભાષા સંસ્કૃતમાં પણ ‘જ્ઞાનકોશ’ શબ્દ જોવા મળે છે પણ તે ‘વિશ્વકોશ’ના અર્થમાં નહીં. આપણે ત્યાં મોટાભાગે આ શબ્દ અર્વાચીન યુગમાં પ્રયોજાયેલો જોવા મળે છે. ત્યારપછી મરાઠી વિશ્વકોશકાર શ્રીધર વ્યંકટેશ કેતકરે ગુજરાતી ભાષામાં જ્ઞાનકોશના જે બે ભાગ આપ્યા છે તેમાં આ શબ્દ પ્રયોજાયેલો જોવા મળે છે. વળી ૧૯૪૧માં ગુજરાત યુનિવર્સિટી પ્રકાશિત જ્ઞાનકોશના વોલ્યુમોમાં અને ૧૯૭૬ બંસીધર શુક્લ પ્રયોજિત અનુક્રમે ‘વ્યાયામ જ્ઞાનકોશ’ અને ‘પ્રસન્નિકા જ્ઞાનકોશ’ શબ્દ મળી આવે છે. આ બધામાં સૌથી વધુ ‘એન્સાઈક્લોપીડિયા’ને બંધબેસે એવો કોઈએ શબ્દ આપ્યો હોય તો તે રતનજી ફરામજી શેઠના છે. તેમણે ‘વિશ્વકોશ’ માટે આપેલો શબ્દ ‘જ્ઞાનચક્ર’ સૌથી સારો હતો પણ તે શબ્દ પણ તેમના જ્ઞાનકોશકાર્ય પૂરતો મર્યાદિત રહ્યો હતો. ગુજરાતી ભાષામાં સૌપ્રથમ ૧૯૬૭માં વિજયરાય વૈદ્યે તૈયાર કરેલ ‘સાહિત્યનો વિશ્વકોશ યાને સાહિત્યપ્રિયનો સાથી’ ગ્રંથમાં ‘એન્સાઈક્લોપીડિયા’માટે ‘વિશ્વકોશ’ શબ્દ પ્રયોજાયેલો આપણને જોવા મળે છે. જે પછી ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા તૈયાર થયેલ ગ્રંથોમાં આ શબ્દ રૂઢ થયેલો આપણને જોવા મળે છે.

‘વિશ્વકોશ’ શબ્દના અનેકવિધ વ્યક્તિઓએ આપેલા પર્યાયોની ચર્ચા પછી આપણે કહી શકીએ કે વિશ્વકોશમાં જ્ઞાનના મોટાભાગના ક્ષેત્રો આવરી લેવામાં આવતા હોય છે. તેમાં ખાસ તો લોકો, પ્રદેશ,

સંસ્કૃત્તિ, નોંધપાત્ર ઘટનાઓ, પદાર્થો વગેરેનો સમાવેશ કરવામાં આવે છે. વળી અમુક વિશ્વકોશોમાં જ્ઞાનનો કોઈ એક વિષય પસંદ કરીને તેના વિવિધ પાસાંઓની માહિતી આવરી લેવામાં આવતી હોય છે. વિશ્વકોશમાં રજૂ થયેલું જ્ઞાન વાચકોને રસપ્રદ બને તે રીતે રજૂ કરવામાં આવતું હોય છે. વર્તમાન જ્ઞાનપ્રવાહને પણ સંક્ષિપ્તમાં વિશ્વકોશમાં અર્વાચીન ઢબે વણી લેવામાં આવે છે. વિશ્વકોશના વિષયલેખો અકારાદિક્રમે ગોઠવાયેલા હોવા જોઈએ અને તેમાં છેલ્લામાં છેલ્લી કહેવાયેલી માહિતી ઉપલબ્ધ હોવી જોઈએ. વિશ્વકોશ સ્વતંત્ર સંદર્ભગ્રંથ તરીકે હોવો જોઈએ. વિશ્વકોશમાં સમાવેશ થયેલું માહિતીજ્ઞાન સ્પષ્ટ માળખામાં સમાયોજિત કરેલું હોય છે. વિશ્વકોશના કદનો કોઈ નિયમ હોતો નથી તે એક ગ્રંથ કે અનેક ગ્રંથોમાં ફેલાયેલો પણ જોવા મળે છે. વિશ્વકોશની રજૂઆત સરળ અને પ્રાસાદિક શૈલીમાં હોવી જોઈએ જેથી વાંચવામાં પણ સરળતા રહે. એટલું જ નહીં વિશ્વકોશ વાર્ષિકોથી પણ અલગ પડે છે.

વિશ્વકોશના પર્યાયો અને તેના સ્વરૂપ વિશે આપણે ચર્ચા કર્યા પછી પશ્ચિમમાં, ભારતમાં અને ગુજરાતીમાં વિશ્વકોશ પ્રવૃત્તિ વિશે જોઈએ તો ગ્રીકમાં આ પ્રકારના જ્ઞાનકોશો સૌપ્રથમ પ્લેટોના ભત્રીજા ને શિષ્ય સ્પ્યુસિપ્પસે પશ્ચિમનો જ્ઞાનકોષ તૈયાર કર્યો હોવાનું જણાય આવે છે. વળી ઈ.સ. પૂર્વની ચોથી સદીમાં એરિસ્ટોટલે પોતાના શિષ્ય સમુદાય માટે જે જ્ઞાન-ચિંતનનો સારસંચય આપ્યો હતો તેને પ્રથમ જ્ઞાનકોશ તરીકે ઓળખવામાં આવે છે. સમય જતાં માર્ક્સ્ ટોરેન્શિયમ વેરો પ્રાચીન રોમમાં આ પ્રવૃત્તિનો અગ્રયાયી બને છે. પરંતુ વિશ્વમાં જ્ઞાનકોશ તરીકે પ્રથમ પ્રચલિત બન્યો હોય તો તે પ્લીની ધ એલ્ડરનો ‘હિસ્ટોરીયા નેચરલિસ’ છે. જેમાં ૩૭જેટલા વિષયોનો સમાવેશની સાથે કેટલીક હકીકતો અને કલ્પિત કથાઓ સેળભેળ થયેલી તેમાં આપણને જોવા મળે છે. આ કોશે આવનારા સમયમાં બીજા કોશોને માહિતી પૂરી પાડવાનું નોંધપાત્ર કામ પણ કર્યું હતું જે તેની વિશેષતા ઘણી શકાય છે. જૂના અંગ્રેજી કોશોમાં જહોન હેરિસનનો ‘લેકસિકોન ટેકનિકમ’ છે. આ વિશ્વકોશથી વિષયના નિષ્ણાત પાસેથી લખાણો મેળવવાનો અને સંદર્ભસૂચિ આપવાની પ્રથા દાખલ થઈ હતી. ઈંગ્લેન્ડમાં ચેમ્બર્સ બનાવેલો ‘ચેમ્બર્સ સાઈક્લોપીડિયા’ સંપૂર્ણ ઈટાલિયન જ્ઞાનકોશ તરીકે જાણીતો બન્યો હતો. વળી બીજો મહત્ત્વનો કોશ તે દ કોટલોગોંકૃત ‘યુનિવર્સલ ડિકશનરી

ઓવ્ આર્ટ્સ બેન્ડ સાયન્સીઝ' છે જે વિષયના આકારાદિક્રમે ગોઠવેલા નવીન કોશ તૈયાર કરવાની પદ્ધતિરૂપ હતો. અનેકવિધ સંપાદકો, સલાહકારો અને લેખકોના સહયોગથી તૈયાર થયેલો ફ્રાન્સિસ લાઈબરકૃત 'એન્સાઈક્લોપીડિયા અમેરિકા' આ અરસાનો ઉત્તમ કોશ બની રહ્યો હતો. વિશ્વકોશની વિભાવનાનું આદર્શ સ્વરૂપ જો કોઈમાં મૂર્ત બન્યું હોય તો તે 'એન્સાઈક્લોપીડિયા બ્રિટાનિકા'માં. જેની પ્રથમ આવૃત્તિ ૧૭૬૮માં અને પંદરમી આવૃત્તિ ૧૯૭૫માં બહાર પડી હતી. છેલ્લા બસો વર્ષના સમયગાળામાં પલટાતી જતી પરિસ્થિતિ પ્રમાણે જરૂરી સુધારા વધારા કરીને અદ્યતન વૈજ્ઞાનિક યુગની માંગને પહોંચી વળે તેવું સઘન અને વ્યાપક સ્વરૂપ આ વિશ્વકોશમાં બંધાયેલું આપણને જોવા મળે છે. બ્રોકહાઉસકૃત 'કોન્વરસેશન્સ-લેકસીકોન' વિશ્વકોશ નોંધપાત્ર છે આ વિશ્વકોશના સંક્ષિપ્ત અને સુગ્રથિત લેખોના કારણે યુરોપના અન્ય કોશો માટે આ કોશ નમૂનારૂપ બન્યો હતો. આ ઉપરાંત તાતીસ્ચવેવનો 'લેક્સિકોન રોસ્સીસ્ક્રોય', 'ગ્રેટર એન્સાઈક્લોપીડિયા ઓવ્ ચાઈના' અને 'નિહોન-હાયક્કા દાઈજી' અનુક્રમે રશિયા, ચીન અને જાપાનના નોધપાત્ર વિશ્વકોશો છે. વળી સ્પેઈનનો 'એન્સાઈક્લોપીડિયા યુનિવર્સલ ઇલસ્ટ્રાડા યુરોપિયા અમેરિકાના' વર્તમાન સમયનો સૌથી મોટો કોશ છે. આ ઉપરાંત સ્વીડન, નૉર્વે, પૉલેન્ડ, રૂમાનિયા, ચેકોસ્લોવેકિયા, બલ્ગેરિયા જેવા યુરોપના દેશોએ પણ પોતપોતાની ભાષામાં વિસ્તૃત માહિતીથી ભરપૂર જ્ઞાનકોશો તૈયાર કર્યા છે.

પશ્ચિમમાં વિશ્વકોશની પ્રવૃત્તિની જેમ ભારતની પણ અનેકવિધ ભાષામાં આ કાર્યના પ્રયત્નો થયા છે. ભારતમાં વિશ્વકોશની સંકલ્પના ખાસ તો અર્વાચીન યુગમાં જોવા મળી હતી. વિશ્વકોશ માટે ભારતમાં ઓગણીસમી સદીમાં જ કેટલાક નોંધપાત્ર પ્રયોગો થયા હતા. જેમ કે બંગાળમાં ફેલિકસ કેરીએ એન્સાઈક્લોપીડિયા બ્રિટાનિકાને આધારે 'વિદ્યાવિહાર'નું આયોજન કર્યું હતું પણ તે કામ આગળ વધી શક્યું નહોતું. ત્યારપછી વિદ્યાલયોને ધ્યાનમાં રાખીને કૃષ્ણમોહન બંદોપાધ્યાયે 'વિદ્યાકલ્પદ્રુમ'ના ૧૩ ગ્રંથોમાં માહિતીનું સંકલન કર્યું હતું. આમ, છતાં નગેન્દ્રનાથ બસુ દ્વારા તૈયાર કરેલ 'બાંગ્લા વિશ્વકોશ' પહેલો આધુનિક વિશ્વકોશ માનવામાં આવે છે. આ વિશ્વકોશને આધારે બસુએ ૨૫ ભાગમાં હિન્દી વિશ્વકોશની રચના

કરી હતી જે ખરેખર એક પ્રશંસનીય કાર્ય હતું. મરાઠી ભાષામાં એકલે હાથે વિશ્વકોશ રચવાનું કાર્ય શ્રીધર વ્યંકટેશ કેતકરે કર્યું છે. તેમણે રચેલો વિશ્વકોશના આધારે હિન્દી અને ગુજરાતીમાં જ્ઞાનકોશ બનાવવાનો પ્રયત્ન થયો હતો પણ તે કાર્ય અધૂરૂં રહ્યું હતું. મરાઠી વિશ્વકોશ માટે વાઈમાં કાર્યાલય સ્થાપવામાં આવ્યું હતું અને વીસ ખંડોમાં પ્રકાશિત આ મરાઠી વિશ્વકોશ એક મહત્ત્વનો વિશ્વકોશ બની રહ્યો. બસુ અને કેતકરે હિન્દી ભાષામાં વિશ્વકોશ રચવાના પ્રયત્નો કર્યા પણ તે અધૂરા રહ્યા હતા. ત્યારપછી 'નાગરી પ્રચારિણી સભા' એ ૧૯૫૪માં હિન્દી વિશ્વકોશના સંપાદન અને પ્રકાશનની યોજના પ્રમાણે આ વિશ્વકોશ ૧૨ ખંડોમાં પ્રકાશિત થયો અને તે કાર્ય ૧૯૭૦માં પૂર્ણ થયું હતું. વળી તમિળ ભાષામાં પણ ૭૫૦ પૃષ્ઠનો એક એવા નવ ખંડમાં તૈયાર થઈને વિશ્વકોશ પ્રગટ થઈ ગયો છે. ઉડિયા ભાષામાં વિશ્વકોશમાં નોંધપાત્ર નામ વિનોદ કાનૂનગોનું આવે છે. તેમણે બસો પૃષ્ઠનો એક એવા ચાલીસ ખંડોમાં એકલા હાથે રચેલો વિશ્વકોશ વિશ્વકોશના ઈતિહાસમાં અવિસ્મરણીય રહેશે. ટૂંકમાં આઝાદી મળ્યા પછી ભારતમાં ત્રીજી પંચવર્ષીય યોજનામાં દરેક પ્રાદેશિક ભાષામાં વિશ્વકોશ ઉપલબ્ધ કરી આપવાનું સ્વીકારાયું આથી ભારતીય ભાષામાં વિશ્વકોશ પ્રવૃત્તિની નોંધપાત્ર કામગીરી થઈ છે.

ગુજરાતી ભાષામાં જ્ઞાનકોશ અને વિશ્વકોશના રચનાના પ્રયત્નો આરંભથી થયેલા જોવા મળે છે. ખાસ તો ૧૮૦૮માં ડ્રમંડ નામના પાદરીએ ગુજરાતી-અંગ્રેજી 'ગ્લોસરી' તૈયાર કરી ત્યારથી આ પરંપરા શરૂ થઈ હોવાનું જણાય આવે છે. વળી ૧૮૭૩માં પ્રકાશિત થયેલો નર્મદનો 'નર્મકોશ' પણ જાણીતો છે. ગુજરાત વિદ્યાસભાએ તૈયાર કરેલ શબ્દકોશ, ગુજરાત વિદ્યાપીઠનો સાર્થ જોડણીકોશ અને ભગવદ્ગોમંડળ કોશ વગેરે ગુજરાતી શબ્દોના ગુજરાતીમાં જ અર્થ આપતા નોંધપાત્ર કોશ બની રહ્યા છે. આમ, છતાં ગુજરાતી ભાષામાં ૧૯મી સદીના છેલ્લા દાયકાના આરંભે બે પારસીઓ માણેકજી એદલજી વાચ્છા અને અરદેસર ફરામજી સોલનના દ્વારા થયો હતો. તેમણે ૧૯૯૧માં 'સર્વવિદ્યામાળા'નો પ્રથમ ગ્રંથ બહાર પાડ્યો હતો. પછીના ત્રણ ગ્રંથો કયારેય બહાર ન પડ્યા એ દ્રષ્ટિએ આ બંને પારસીબંધુઓએ આપણી ગુજરાતી ભાષાનો પહેલો પણ અધૂરો વિશ્વકોશ રચ્યો હતો એમ કહી શકાય. ગુજરાતી ભાષાનો પ્રથમ વિશ્વકોશ આપનાર રતનજી

આર.શેઠના છે તેમણે આપેલું નામ 'જ્ઞાનચક્ર યાને ગુજરાતી એન્સાઈક્લોપીડિયા' પણ કેટલું અર્થસૂચક બની રહે છે. રતનજી શેઠનાએ ૧૮૯૯થી ૧૯૧૦ સુધીમાં 'જ્ઞાનચક્ર'ના નવ ભાગ આપ્યા હતા. આ વિશ્વકોશમાં મોટાભાગે જરથોસ્તી ધર્મ, ઈતિહાસ અને હુન્નર જેવા વિષયો પર વધુ ધ્યાન કેન્દ્રિત કરેલું આપણને જોવા મળે છે. શ્રીધર વ્યંકટેશ કેતકર દ્વારા ૧૯૨૯માં 'ગુજરાતી વિશ્વકોશ'ના બે ગ્રંથ પ્રકાશિત કરે છે. પરંતુ કમનસીબે શ્રીધરનું આ કાર્ય બે ગ્રંથથી આગળ વધી શક્યું નહોતું. સ્વરાજપ્રાપ્તિ પછી શિક્ષણનું માધ્યમ માતૃભાષા બનતાં વિવિધ વિદ્યાશાખાના આકારગ્રંથો તૈયાર કરવાની પહેલ થઈ. તેમાં મોખરે સરદાર પટેલ યુનિવર્સિટી આવે. સંપાદક ભોગીલાલ ગાંધી દ્વારા કરેલ આયોજન પ્રમાણે 'જ્ઞાનગંગોત્રી' ગ્રંથમાળામાં અનેકવિધ વિષયોને સ્થાન આપી ત્રીસ ગ્રંથોની યાત્રા પૂરી કરી છે. જે વાચકોની વિશ્વદ્રષ્ટિ ખીલવવામાં મદદરૂપ બને તેવી સાર્થક નીવડી છે. ત્યારપછી ગુજરાત યુનિવર્સિટીને પૂજ્ય મોટા અને તેમના હરિ ૐ આશ્રમની આર્થિક મદદથી સર્વસાધારણ જ્ઞાનકોશ તેમજ વિજ્ઞાન અને યંત્રકોશ શ્રેણી તૈયાર કરવા માટે નિશ્ચિત રકમ ફાળવવામાં આવી હતી. જે કામ ચારપાંચ વર્ષ ચાલ્યું હતું અને પછી સરકારી અનુદાન ના મળતા તે કાર્ય બંધ પડ્યું હતું. તેમ છતાં આ શ્રેણીના દસે ગ્રંથોમાં અકારાદીક્રમે અધિકરણો ગોઠવાયેલા જોવા મળે છે. આ શ્રેણીમાં સમાવેશ થયેલા વિજ્ઞાનના વિષયો વિદ્યાર્થીઓને ઉપયોગી બની રહે તેવા સાર્થક નીવડ્યા છે. ટૂંકમાં ગુજરાતી ભાષામાં આરંભમાં જે વિશ્વકોશો રચાયા તેના બે પ્રકાર જોવા મળે છે. કેટલાક શરૂ થઈને અધૂરા રહ્યા અને કેટલાક પૂરા થયા છે તે અમુક વિદ્યાશાખા પૂરતા મર્યાદિત હતા.

## ગુજરાતીમાં એક અપૂર્વ ઘટના

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે ગુજરાતી ભાષામાં સર્વસંગ્રાહક વિશ્વકોશ તૈયાર કર્યો તેને વિશે વિગતે વાત કરતાં પહેલા આપણે ધીરુભાઈ ઠાકરને આ પ્રવૃત્તિ કરવાનો વિચાર ક્યારે આવ્યો, તેમાં કયા પરિબળોએ ભાગ ભજવ્યો, અનેક વિદ્વાનો અને દાતાઓનો કઈ રીતે તેમને સહયોગ મળતો રહ્યો તેમજ વિશ્વકોશ ટ્રસ્ટ રચનાની ભૂમિકા સમજવી આવશ્યક બની રહે છે.

આગળ આપણે ગુજરાતી ભાષામાં વિશ્વકોશ રચનાના જે નાના-મોટા પ્રયત્નો થયા તેમાં કેટલાક જ્ઞાનકોશ અધૂરા તો વળી કેટલાક પૂરા થયા હતા તે અમુક વિષયને ભાર આપીને રચાયા હતા. ગુજરાતની સાંસ્કૃતિક અને જાહેર પ્રવૃત્તિના અગ્રેસર એવા પૂજ્ય મોટાએ ગુજરાતી ભાષામાં સર્વસંગ્રાહક વિશ્વકોશની રચના માટે ગુજરાત યુનિવર્સિટીને દસ લાખ રૂપિયાનું દાન આપ્યું હતું. આથી ગુજરાત યુનિવર્સિટીએ વિશ્વકોશનો એક અલાયદો વિભાગ ઊભો કરીને અનેક વિદ્વાનો પાસે કામ શરૂ કરાવ્યું હતું પણ વર્ષો વીતવા છતાં આ વિભાગ તરફથી જોઈએ તેવું કામ થયું નહોતું. આ અરસામાં ધીરુભાઈ ઠાકર ૧૯૭૮માં મોડાસાની આર્ટ્સ કૉલેજમાંથી આચાર્ય પદેથી નિવૃત્ત થઈને અમદાવાદ આવ્યા હતા. ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. પી.સી વૈદ્યે ગુજરાતી વિશ્વકોશનું કામ ઝડપી અને વ્યવસ્થિત થાય એ માટે તેનું સુકાન ધીરુભાઈ ઠાકરને સોપ્યું હતું. આથી ધીરુભાઈ ઠાકરે એ સમયે ચાલતા મરાઠી વિશ્વકોશ રચનાનો અભ્યાસ કરવા માટે યુનિવર્સિટી તરફથી મહારાષ્ટ્ર રાજ્યમાં સતારા નજીક આવેલા વાઈ ગામે રઘુવીર ચૌધરી અને યુનિવર્સિટીના બે પ્રતિનિધિઓ સાથે ગયા હતા. મરાઠી વિશ્વકોશની પદ્ધતિનો સંપૂર્ણ અભ્યાસ કરીને તેમણે ગુજરાતી ભાષામાં વિશ્વકોશનો પ્રકલ્પ યુનિવર્સિટી સમક્ષ રજૂ કર્યો. સરકારે પણ આ યોજના માટે જરૂરી પચાસ લાખનું અનુદાન ફાળવ્યું હતું પણ એટલામાં બીજી સરકાર સત્તા પર આવતાં વિશ્વકોશ યોજનાને નામંજૂર કરી. આથી ગુજરાત યુનિવર્સિટીને વિશ્વકોશ વિભાગ બંધ કરવો પડ્યો અને હરિ ૐ આશ્રમે આપેલી રકમને  વ્યાજ સાથે સુપરત કરી.

ધીરુભાઈ ઠાકરે આ સમય દરમિયાન વિશ્વકોશનું કરેલે કામનું પોટલું સીલ કરીને યુનિવર્સિટીને સોપી દીધું હતું. ત્યારપછી પાંચ વર્ષે ધીરુભાઈ ઠાકર ઈ.સ.૧૯૮૫ના ઓગસ્ટની ૧૫મી તારીખે ગિજુભાઈ જન્મશતાબ્દી ઉત્સવ નિમિત્તે ઈશ્વરાચાર્યના નિમંત્રણથી વ્યાખ્યાન માટે વિસનગર ગયા હતા. વ્યાખ્યાન પછી ધીરુભાઈ વિસનગરના સામાજિક કાર્યકર એવા સાંકળચંદ પટેલને ત્યાં ભોજન માટે આમંત્રણ હતું. ત્યાં સરકારની અન્યાયી નીતિ, રાજકારણ, ભ્રષ્ટાચાર ઈત્યાદી વાતો નીકળી. એમાં ધીરુભાઈ ઠાકરે સહજ રીતે વિશ્વકોશની વાત કરી કે ગુજરાતી ભાષામાં વિશ્વકોશ તૈયાર કરવા માટે આગલી સરકારે પચાસ લાખ ગ્રાન્ટ

ફાળવી હતી તે નવી સરકાર અસ્તિત્વમાં આવતા કેવી રદ કરી જેવી વાતો થઈ હતી. તેમાં સાંકળચંદ પટેલને આ વાત સ્પર્શી ગઈ અને કહ્યું કે, *"વિશ્વકોશ એટલે શું ?"* [૧]ત્યારે ધીરુભાઈ ઠાકરે કહ્યું કે, *"દુનિયાભરમાં આજ સુધી સંચિત થયેલા જ્ઞાનનો કોશ. ગુજરાતી પ્રજાને આગળ વધવું હોય તો ગુજરાતી ભાષામાં આવાં જ્ઞાનસાધન ઉપલભ્ય હોવાં જોઈએ."* [૨] એવો જવાબ આપ્યો. વળતો પ્રત્યુતર આપતાં સાંકળચંદ પટેલે ધીરુભાઈને કહ્યું કે, "તમે કરશો ?" [૩] એવો એકાએક પ્રશ્ન કર્યો. ત્યારે ધીરુભાઈએ કહ્યું કે, *"ભલા માણસ, આ કંઈ થોડું બેપાંચ લાખનું કામ છે ? કામ પૂરું થતાં દસથી બાર વરસ લાગે. ત્યાં સુધીમાં એક કરોડ રૂપિયાથી વધુ ખર્ચ થઈ જાય. આવાં કામ તો સરકાર કે યુનિવર્સિટી જેવી સંસ્થા જ કરી શકે. એ વિચારમાં પડી ગયા. વાત ત્યાં અટકી. બીજે દિવસે સવારે અમે છૂટા પડ્યા."* [૪] ત્યારપછી બેત્રણ દિવસ પછી સાંકળચંદ પટેલ અમદાવાદ આવ્યા ત્યાંથી ધીરુભાઈને લઈને નડિયાદ હરિ ૐ આશ્રમમાં પૂજ્ય મોટાના અંતેવાસી નંદુભાઈ અને ભુતપૂર્વ શિક્ષણમંત્રી શ્રી નવલભાઈ શાહને મળીને વિશ્વકોશનું મહત્ત્વ અને ગુજરાત માટે તે કેટલું આવશ્યક છે. તે જાણી લઈને સાંકળચંદ પટેલે આ કામ ધીરુભાઈ ઠાકરને સોપ્યું હતું .

માત્ર અંગ્રેજી ચાર ધોરણ ભળેલા સાંકળચંદ પટેલને વિશ્વકોશનું કામ લોકહિતાર્થે કેટલું ઉપયોગી છે તેની જાણ થતાં તેમણે આરંભમાં આર્થિક સગવડરૂપે તેર લાખ જેટલી માતબર રકમ દાનમાં આપી. બીજી બાજુ ધીરુભાઈએ વિશ્વકોશનું ગંજાવર કામમાં વિવિધ મિત્રોનો સહકાર મળ્યો આથી ટ્રસ્ટ રચાયું. જેમાં કુમારપાળ દેસાઈ, પ્રો. દેવવ્રત પાઠક, જે.જે. ત્રિવેદી, શ્રી કંચનલાલ પરીખ, શ્રી વિઠ્ઠલભાઈ અમીન, સાંકળચંદ પટેલ, પ્રભુદાસ પટેલ અને ધીરુભાઈ ઠાકર એમ સાત ટ્રસ્ટીઓ જોડાયા હતા. વળી પાછળથી બળદેવભાઈ ડોસાભાઈ અને હીરાલાલ ભગવતી ઉમેરાયા હતા. શ્રી શ્રેણીકભાઈ કસ્તૂરભાઈ ટ્રસ્ટના પ્રમુખ તરીકે નિમાયા હતા. વળી અમદાવાદ એજ્યુકેશન સોસાયટીએ ટ્રસ્ટના કાર્યાલય માટે એચ.એલ. કૉલેજ ઑવ્ કૉમર્સની હૉસ્ટેલના કંપાઉન્ડમાં આવેલું ભોજનાલયનું મકાન વાપરવા આપ્યું હતું. પરિણામે બીજી ડિસેમ્બર ૧૯૮૫ના રોજ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની રચના થઈ હતી. સાંકળચંદ પટેલની આર્થિક મદદથી વિશ્વકોશનું કામ સત્વરે વેગ પકડી શક્યું હતું. ખાસ તો આ પ્રકલ્પ માટે ધીરુભાઈ ઠાકરે વિવિધ વિષય

નિષ્ણાતોનો સહકાર મેળવ્યો તે નોંધપાત્ર હતો. વિશ્વકોશના આરંભમાં જ વિજ્ઞાનના વિષયોના અધિકરણો માટે ડૉ. જે.જે. ત્રિવેદી, સમાજવિદ્યાના અધિકરણો માટે, કૃષિના અધિકરણો માટે ડૉ. એન.પી. મહેતા, ખગોળના અધિકરણો માટે ડૉ. સુશ્રુત પટેલ, માનવવિદ્યાઓના અધિકરણો માટે ડૉ. ચંદ્રકાંત મહેતા, શ્રી એન.એલ. કરગ્રથા ફોરેનિસ્ક સાયન્સમાં આપેલો સહકાર અને વિશ્વકોશ રચનાની નોંધપાત્ર ઘટના તો ધીરુભાઈ ઠાકરને ડૉ. શીલીન શુકલનો થયેલો મેળાપ છે. જેમણે તબીબીવિદ્યાનું સંપૂર્ણ વિભાગ સંભાળીને વિવિધ શાખા-પ્રશાખાના નિષ્ણાત ડૉકટરો પાસે લેખો લખાવીને શુદ્ધ ગુજરાતી ભાષામાં લખાણો તૈયાર કર્યા હતા તેને ગણાવી શકાય છે. આવા અનેક વિદ્વાનો સંપર્ક સાધીને ધીરુભાઈ ઠાકરે ગુજરાતી વિશ્વકોશ ભૂમિકાખંડ બે વર્ષમાં તૈયાર કર્યો હતો. પરંતુ કહેવત છે કે સારા કામમાં અનેક વિઘ્નો આવે તેમ અચાનક વિશ્વકોશ પ્રકલ્પ માટે આરંભમાં જેમણે તેર લાખ જેટલી માતબર રકમ ફાળવી હતી તેવા સાંકળચંદ પટેલનું અવસાન થયું. તેમ છતાં વિશ્વકોશનું કામ અવિરત પણે ચાલુ રહ્યું હતું અને વિશ્વકોશ ભૂમિકાખંડ ૨૮ નવેમ્બર ૧૯૮૭ના ગુજરાતના પીઢ ગાંધીવાદી સામાજિક કાર્યકર સ્વ. સાંકળચંદ પટેલની પ્રથમ પુણ્યતિથિના દિવસે પ્રગટ કરીને તેમને અર્પણ કર્યો હતો. આ ભૂમિકાખંડનું વિમોચન પણ તે વખતના રાજ્યપાલ શ્રી આર.કે. ત્રિવેદીના હસ્તે વિમોચન પામ્યો હતો.

વિશ્વકોશનું કાર્ય જગન્નાથના રથની જેમ તેનું વહન કરવાની જવાબદારી વિશ્વકોશ સાથે સંકળાયેલા સર્વ વિદ્વાનોના ફાળે જાય છે. સ્વ. સાંકળચંદ પટેલના અવસાન પછી પણ આ ભગીરથ કાર્ય માટે ગુજરાતમાં અને ગુજરાત બહાર વસતા અનેકવિધ ક્ષેત્રના નિષ્ણાતો, વિદ્વાનો અને લેખકોનો મોટા સમુદાયનો સાથ સહકાર ધીરુભાઈને સાંપડ્યો હતો. વળી આ પ્રકલ્પને પાર પાડવા માટે શેઠશ્રી લાલભાઈ દલપતભાઈ પરિવાર, શેઠશ્રી અરવિંદભાઈ ન. મફતલાલ, આંતરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત ચંદરિયા ઉદ્યોગ સંકૂલ, સરદાર વલ્લભભાઈ જનકલ્યાણ ટ્રસ્ટ, નાગરિક સહકારી અને તાલુકા સહકારી બેંક વિસનગર જેવા અનેકવિધ દાતાઓ અને ટ્રસ્ટના સહકારથી વિશ્વકોશનું કામ સત્વરે ચાલુ થયું હતું. તેના પરિણામ સ્વરૂપે

ઈ.સ. 1987થી ૨૦૦૯ એમ કુલ બાવીસ વર્ષમાં સંપાદક ધીરુભાઈ ઠાકરે ગુજરાતી વિશ્વકોશના ૧થી ૨૫ ભાગ સુલભ કરી આપ્યા હતા.

વિશ્વકોશના અનેક પ્રકાર હોય છે. કેટલાક વિશ્વકોશમાં જ્ઞાનની વિવિધ શાખા-પ્રશાખા ગ્રંથ સ્વરૂપે જોવા મળે છે. તો અમુક વિશ્વકોશમાં પ્રકરણવાર વિવિધ વિષયોની માહિતી આલેખાયેલી જોવા મળે છે. વળી સૌથી વધારે જાણીતો પ્રકાર તે સર્વસાધારણ સર્વસંગ્રાહક વિશ્વકોશ છે જેનો નમૂનો 'એન્સાઈક્લોપીડિયા બ્રિટાનિકા' જેમાં બધા જ વિષયોના અધિકરણો અકારાદિક્રમે ગોઠવીને મૂકવામાં આવ્યા છે. ધીરુભાઈ ઠાકરે 'એન્સાઈક્લોપીડિયા બ્રિટાનિકા'ના આદર્શને નજર સમક્ષ રાખીને ગુજરાતી વિશ્વકોશનો પ્રકલ્પ હાથ ધર્યો હતો. વિશ્વકોશ ભૂમિકાખંડમાં ધીરુભાઈ ઠાકર જણાવે છે કે, *"વિશ્વકોશ એટલે વિશ્વવિદ્યાનો કોશ, સચરાચર સૃષ્ટિની સર્વાંગીણ માહિતીનો ભંડાર. તેમાં જ્ઞાનની શાખા-પ્રશાખાઓની અદ્યતન માહિતી સંક્ષિપ્ત પણ અધિકૃત સ્વરૂપમાં પીરસવાનો ઉપક્રમ હોય છે."* [૫] એ મુજબ ગુજરાતી ભાષામાં સર્વસંગ્રાહક વિશ્વકોશ માટે ઓષધશાસ્ત્ર, કીટકશાસ્ત્ર અને વનસ્પતિરોગશાસ્ત્ર જેવા વિષયો જે 'એન્સાઈક્લોપીડિયા બ્રિટાનિકા'માં સમાવેશ પામ્યા નથી તેવા વધુ વિષયોને ધરુભાઈ ઠાકરે ગુજરાતી વિશ્વકોશના ભૂમિકાખંડમાં વણી લીધા છે અને એ રીતે ગુજરાતી વિશ્વકોશ અન્ય વિશ્વકોશથી અલગ પડે છે. ભાષા-સાહિત્ય, સમાજવિદ્યાઓ, વાણિજ્ય, વિજ્ઞાન અને લલિત કલા, સમૂહમાધ્યમો અને પ્રકીર્ણ જેવા વિષયોને મુખ્ય વિભાગમાં મૂકી આપ્યા છે. વળી વાણિજ્યનો સમાજવિદ્યામાં અને ભાષા-સાહિત્ય, લલિત કલાને માનવવિદ્યામાં સ્થાન આપવાને બદલે એક અલાયદો વિભાગ મૂકી આપ્યો છે. જે નિરૂપણની સગવડ ખાતર આ પ્રકારનું વર્ગીકરણ ધીરુભાઈએ કરી આપ્યું છે. અહીં દરેકની આંકડાકીય તારણ મુજબ વહેંચણી કરેલી જોવા મળે છે. ગુજરાતી વિશ્વકોશમાં વર્ણમાળાના અક્ષર 'અ'થી 'હ' સુધીનો ક્રમાંક રાખ્યો છે. વિશ્વકોશની સમગ્ર શ્રેણીના અધિકરણોની ગોઠવણી જોડણીકોશ પ્રમાણે અકારાદિક્રમમાં ગોઠવાયેલી છે. વિશ્વકોશની સમગ્ર ગ્રંથશ્રેણી સંપાદક ધીરુભાઈ ઠાકરના નેજા હેઠળ પસાર થઈ હતી. વિષયના નિષ્ણાતો કોશના સંપાદકોની સાથે ચર્ચા-વિચારણા કરીને લેખકને અધિકરણ લખવાનું સૂચવે છે. અધિકરણ લખાઈ ગયા પછી તેનું પરામર્શન થાય, ભાષાની દ્રષ્ટિએ તપાસાય

અને તેના ત્રણ પ્રૂફ થયા પછી છેલ્લું પ્રૂફ મુખ્ય સંપાદક ધીરુભાઈ ઠાકરની નજરમાંથી પસાર થાય. એમાં કેટલીક કાંટ-છાટ થાય અને અંતે જરૂરી લાગે તો આખું અધિકરણ રદ પણ કરવામાં આવે એ પ્રકારનો ઉપક્રમ રાખ્યો હતો. વિશ્વકોશના શરૂઆતના તબક્કે થયેલી કેટલીક ભૂલો પણ નિઃસંકોચ સ્વીકારી પણ છે. સામાન્ય રીતે વિશ્વકોશ પૂરો થયા પછી છેલ્લે અધિકરણ સૂચિ મૂકવામાં આવે છે. જ્યારે ગુજરાતી વિશ્વકોશ ભૂમિકાખંડમાં વિશ્વકોશ તૈયાર કરતાં પહેલા વિષય-અધિકરણની યાદી મૂકી હતી.  જે ભુવનેશ્વર ખાતે વિવિધ ભાષામાં કોશનિર્માતાનું સંમેલન મળ્યું હતું તેમાં ગુજરાતી વિશ્વકોશ ભૂમિકાખંડમાં શરૂઆતમાં મૂકેલી અધિકરણ યાદી ટીકાને પાત્ર બની હતી. જેનો ધીરુભાઈએ ખુલાસો કરતાં ‘પ્રત્યક્ષ’માં રમણ સોનીને આપેલી મુલાકાતમાં કહ્યું હતું કે, *“કોશ પૂરો થતાં ઓછામાં ઓછાં પંદરેક વર્ષ લાગે. એ સમય દરમિયાન અનેક નવીન ઘટનાઓ અને સંશોધનો ઈત્યાદી થયાં હોય તે બધા સમય જતાં ઉમેરતાં જાય અને યાદીમાં સુધારોવધારો થતો જાય એવો અમારો ઉપક્રમ છે. કોશના લખાણને અદ્યતન ઓપ આપવામાં પણ તે એક યા બીજી રીતે સહાયભૂત થઈ શકે.”* [૬] અહીં તેમના જવાબમાં જોઈ શકાય છે કે આ પ્રકારની પદ્ધતિ તેમણે વાચકને સૂચિનું સમગ્ર નિરીક્ષણ કરવાની તક અને પોતાની રુચિને અનુરૂપ વિષયને પસંદગી કરવાની સરળતા રહે તે ઉદ્દેશ્યને ધ્યાનમાં રાખીને આ પદ્ધતિ તેમણે અપનાવી હતી.

ભૂમિકાખંડમાં વિવિધ વિભાગમાં મુકાયેલા વિષયોને વિગતવાર હવે આપણે જોઈએ તો પ્રથમ વિભાગ ભાષા-સાહિત્ય અંગેનો છે. જેમાં ભાષાની ઉત્પતિ, ભાષાના અનેકવિધ કુળો, દેશકાળ અનુસાર તેમાં જોવા મળતી વિશેષતાઓ, તેમાંથી પ્રગટ થતાં અર્થો વગેરેને ભાષાશાસ્ત્રને લગતા વ્યાપ્તિલેખમાં વિગતે આલેખન પ્રાપ્ત થાય છે. વિશ્વમાં બોલાતી ભાષાઓ જેવી કે અંગ્રેજી, સિયામી, સ્પેનિશ, હિબ્રૂ અને ફ્રેંચ જેવી ભાષાઓનો સર્વસામાન્ય પરિચય આપણને જોવા મળે છે. સાથે ગ્રંથ, ગ્રંથકારો, સંસ્થાઓની નોંધો પણ મૂકી આપી છે. વળી અમુક મહત્ત્વના લેખક વિશે આખું એક અલગ અધિકરણ પણ મૂકવામાં આવ્યું છે. ક્યારેક લેખક અને કૃતિ બંને મહાત્ત્વનું હોય ત્યારે તેને એક જ અધિકરણમાં સ્થાન આપીને સમાવેશ કરવામાં આવ્યો છે. કેટલીક જગતની મહત્વની લિપીઓના નમુનાઓનો પણ અહીં સમાવેશ કરવામાં આવ્યો છે.

વિશ્વકોશનું પ્રત્યેક અધિકરણ ૭૫૦ શબ્દોની મર્યાદામાં રહીને માહિતીનું આલેખન કરવાનો સામાન્ય નિયમ જાળવી રાખ્યો હતો. છતાં આ વિભાગમાં ચુસ્ત ક્રોસ ચેકિંગ થઈ શક્યું નહોતું. જેમ કે કાલેલકરના અધિકરણમાં ‘સ્મરણયાત્રા’ જેવા પુસ્તકનો નામોઉલ્લેખ સરખો નથી. કેટલાક લેખકોમાં જેવા કે દલપતરામમાં જન્મ-મૃત્યુના વર્ષોનો માત્ર ઉલ્લેખ જ જોવા મળે છે. વળી શબ્દોનું પ્રમાણ પણ ક્યાંક સચવાયેલું જોવા મળતું નથી. જેમ કે દલપતરામ પરનું અધિકરણ ૧૮૦૦, ન્હાનાલાલનું ૧૦૦૦-૧૧૦૦નું, ઉમાશંકર જોશી વિશે ૨૩૦૦ અને સુરેશ જોશી વિશે આપણને માત્ર ૯૦૦ શબ્દો અને ‘અર્થમિતિશાસ્ત્ર’ પર ૮૦૦૦ શબ્દોનું અધિકરણ જ્યારે ‘અર્થશાસ્ત્ર’ જેવા વ્યાપક વિષય ઉપર ૩૦૦૦ શબ્દોનું અધિકરણ આપણને જોવા મળે છે. આ પ્રકારની ભૂલો શરૂઆતના પ્રયાસમાં ક્ષમ્ય ગણાવી જોઈએ પણ પછીના નવસંસ્કરણ થયેલા ગ્રંથોમાં આ પ્રકારની ભૂલો પ્રત્યે પણ વિશેષ કાળજી લેવાઈ છે.

કલાતત્ત્વ વિભાગમાં લલિત કલાનું સ્વરૂપ, પ્રકાર કાર્ય આદીની વિગતોને વણી લેવામાં આવી છે. આ જ વિભાગમાં સૌંદર્યશાસ્ત્રનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. મ્યુઝિયમને પણ અહીં સ્થાન આપી મ્યુઝિયમના સ્વરૂપ, ઈતિહાસ, કાર્ય વગેરે આ વિષયના વ્યાપ્તિલેખમાં ઉલ્લેખ જોવા મળે છે. ‘મ્યુઝિયમ’ શબ્દનો કોઈ ચોક્કસ ગુજરાતી પર્યાય ના મળતા અહીં મ્યુઝિયમ શબ્દને યથાતથ રાખ્યો છે સાથે દુનિયામાં પ્રખ્યાત મ્યુઝિયમનો પરિચય પણ અહીં જોવા મળે છે. સાથે લોકકલા અને છબીકલા વિભાગમાં તેનો સામાન્ય પરિચયની સાથે પ્રકારો જરૂરી ચિત્રો સાથે આપવામાં આવ્યા છે.

સ્વાભાવિક છે કે આ વિશ્વકોશ ગુજરાતીભાષી વર્ગ માટે તૈયાર થયો હોવાના કારણે તેમાં ગુજરાત અને ભારતની માહિતીને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. જેમ કે સમાજવિદ્યાઓમાં ઈતિહાસ, ભૂગોળ, ભાષા, સાહિત્ય, સમાજ, ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરા વિશે વિસ્તૃત માહિતી પ્રાપ્ત થાય છે. મહાજનપ્રથા, દાંડીકૂચ, હરિજન આશ્રમ, સીદી સૈયદની જાળી, સહકારી પ્રવૃત્તિઓ, ભવાઈ, ગીરનું અભયારણ્ય અને રવિશંકર મહારાજ વગેરેની દુનિયામાં કોઈપણ ખૂણામાં બેઠેલા ગુજરાતીને આ અંગે ચોક્કસ અને અધિકૃત માહિતી મળી રહે તેની વિશેષ કાળજી રાખવામાં આવી છે. ભૂગોળ વિષયક અધિકરણોમાં ભૌતિકશાસ્ત્ર,

ભૂસ્તરશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર વગેરેના સંબંધને લક્ષમાં રાખીને માહિતી બેવડાય નહીં તેની કાળજી રાખીને ગોઠવણી કરી આપી છે. રાજ્યશાસ્ત્રમાં સિદ્ધાંતો, ઘટના, વિભાવના તેમજ વ્યક્તિઓને લક્ષમાં રાખીને સંપૂર્ણ અધિકરણો પસંદ કરીને મૂકવામાં આવ્યા છે. રાજ્યશાસ્ત્રનો અન્ય વિષયો સાથેનો સંબંધ આધુનિક જગતની પરિસ્થિતિનો સંદર્ભ સમજાય તે રીતની માહિતીનું આયોજન અહીં નજરે ચડે છે. આદિવાસી સમાજને લગતો એક પેટાવિભાગ રાખીને તેનાં તમામ પાસાંઓનો વિચાર માનવશાસ્ત્રમાં રજૂ થયેલો જોવા મળે છે. શિક્ષણશાસ્ત્રમાં તેનું તત્ત્વજ્ઞાન, વિકાસના તબક્કાની સાથે શિક્ષણ ક્ષેત્રની નામાંકિત વ્યક્તિઓ, સંસ્થાઓ અને તેની સમસ્યાઓનો સ્પષ્ટ ખ્યાલ મળી રહે તે પ્રકારનું આયોજન જોવા મળે છે. ટૂંકમાં સમાજવિદ્યા નામના વિભાગમાં સમાજવિદ્યાના કાર્યો, અન્ય વિદ્યાઓ સાથેનો તેનો સંબંધ અને માનવસમાજના વિકાસમાં તેનું પ્રદાન વગેરે વિશેની માહિતી લાંબા લેખોમાં આલેખાયેલું જોવા મળે છે.

વિજ્ઞાન વિષયક વિભાગમાં પ્રત્યેક વિજ્ઞાનનો ઊગમ, વિકાસ, તેમાં થયેલા સંશોધનો, તેની માનવજીવન ઉપર પડેલી અસર, આ દિશામાં કાર્યરત નવીન સંશોધકો અને તેમના કાર્યો જેવી બાબતો ધ્યાનમાં રાખીને આ વિભાગને સમૃદ્ધ બનાવ્યો છે. તેમ છતાં રમણ સોનીએ પ્રત્યક્ષમાં લીધેલી ધીરુભાઈ ઠાકરની મુલાકાતમાં વિજ્ઞાન વિષય સંદર્ભમાં કેટલીક મર્યાદાઓ તરફ ધ્યાન દોરતાં પ્રશ્ન ઉઠાવ્યો હતો કે, *“કોશની આંતરિક રચના અંગે થોડાક પ્રશ્ન જાગે છે... પહેલી વાત તો એ કે વિજ્ઞાનના વિષયો તરફ કોષ કંઈક વધારે ઝૂકી ગયેલો નથી ? અત્યંત વિગતવાર-મોનોગ્રાફ પ્રકારનાં લાંબા-અધિકરણોની સંખ્યા એમાં વધારે છે. ને એની રજૂઆત, એની ભાષા કંઈક વધુ ટેકનિકલ રહી ગઈ છે. કોશ કંઇ તે તે વિષયનાં અભ્યાસીઓ માટે જ તો ન હોય-એનું સૌથી વધારે લક્ષ તો સર્વસામાન્ય શિક્ષિતની જિજ્ઞાસા તોષવા તરફ રહેવું ઘટે, એમ નહીં ? આપણે ‘બ્રિટાનિકા’ પ્રકારના કોશોમાં જોઈએ તો ત્યાં વિજ્ઞાન/ટેકનોલૉજી વિશેના અધિકરણો પણ, આટલાં ટેકનિકલ ભાગ્યે જ હોય છે.”* [૭] આ સંદર્ભમાં રમણ સોનીને ધીરુભાઈ આપેલો જવાબ જોઈએ તો, *“તમારો આ સવાલ સમગ્ર વિશ્વકોશને લક્ષમાં લેતાં ઉપસ્થિત થવો જોઈતો નહોતો. વ્યાપક દ્રષ્ટિએ જોઈએ તો વિજ્ઞાનનો પ્રભાવ જીવનનાં તમામ ક્ષેત્રો ઉપર પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે પડેલો છે.*

*બીજી વિદ્યાઓને મુકાબલે વિજ્ઞાનક્ષેત્રે સંશોધનો વિશેષ પ્રમાણમાં થતાં રહે છે અને તેનો સમાજજીવન ઉપર સીધો કે આડકતરો પ્રભાવ પડે છે. જ્ઞાનવિસ્ફોટની સાંપ્રત ભૂમિકામાં દેખીતી રીતે જ કલા કે સાહિત્યની તુલનામાં વિજ્ઞાન અને ટેકનોલૉજીનો ફાળો સૌથી વધુ રહેલો છે. આ સંદર્ભમાં ગુજરાતી વિશ્વકોશનાં ૧૦માં ગ્રંથની ભૂમિકામાં પૃ.૧૯ ઉપર આપેલું આંકડાકીય તારણ લક્ષમાં લેશો તો વહેંચણી અસંતુલિત નહીં લાગે."* [૯] અહીં જોઈ શકાય છે કે વિજ્ઞાન વિષય સંદર્ભ રમણ સોનીએ ઉઠાવેલો પ્રશ્નનો ધીરુભાઈએ આપેલો જવાબ વ્યાજબી લાગે છે. વળી ક્યાંક વિજ્ઞાન વિષયમાં શબ્દ-સંખ્યા અને પૃષ્ઠસંખ્યા તેમજ આ પ્રકારના વ્યાપ્તિલેખો જેવા અધિકરણોનું પ્રમાણ પણ વધારે જોવા મળે છે. તેમ છતાં આપણે કહી શકીએ કે વિજ્ઞાન જેવા વિષયોમાં સતત નવા નવા સંશોધનો થાય તેમ ઉમેરણ થતું રહ્યું છે તેથી વિશ્વકોશમાં આ પ્રકારની ભૂલો ક્ષમ્ય ગણાવી જોઈએ.

સમૂહમાધ્યમો અંતર્ગત આકાશવાણી અને દૂરદર્શન, ચલચિત્ર, પત્રકારત્વ અને સમૂહમાધ્યમોનો સામાન્ય પરિચય ઉપરાંત તેનાં પ્રકાર, સ્વરૂપ, કાર્ય ઈત્યાદી વિગતોને આવરી લેવામાં આવી છે. વળી પ્રકીર્ણ વિભાગમાં અગ્નિશમન, એક્યુપંક્ચર, કેશભૂષા, પર્વતારોહણ જેવા પચીસથી વધુ વિષયોને સ્થાન આપીને આ વિભાગને માહિતી સમૃદ્ધ બનાવ્યો છે.

સાંપ્રત સમયમાં જ્ઞાનની અનેકવિધ શાખા-પ્રશાખાઓના વિકાસમાં અનેક વિદ્વાનો ફાળો રહેલો હોય છે. ત્યારે આ વિશ્વકોશમાં વિવિધ ક્ષેત્રનાં જ્યોતિર્ધરોનાં જીવન અને તેમના પ્રદાનની વિગતે માહિતી પ્રાપ્ત થાય છે. નોબેલ પારિતોષિક પ્રાપ્ત કરનાર લગભગ બધા જ મહાનુભાવોનો અહીં સમાવેશ જોવા મળે છે. આમ અનેક વિષયોની શાખા-પ્રશાખાથી ભરપૂર ગુજરાતી વિશ્વકોશની ગ્રંથશ્રેણી વિષય, રજૂઆત અને પદ્ધતિથી વૈવિધ્યસભર બન્યો છે. સમગ્ર ગ્રંથશ્રેણીમાં લાંબા, મધ્યમ અને લઘુનોંધો સ્વરૂપના લખાણો અહીં જોવા મળે છે. એક વિષયનાં નિરૂપણમાં અન્ય લેખમાં સંદર્ભ દર્શાવતા પ્રતિસંદર્ભો પણ મૂકી આપ્યા છે. સાથે મોટા અને મહત્ત્વનાં વિષયને લગતાં લખાણોને અંતે વિશેષ અભ્યાસ માટે પૂરક સંદર્ભ આપ્યા છે. વળી વિષયનું શક્ય તેટલું સરળ નિરૂપણ અહીં કરવાનો ઉપક્રમ જોવા મળે છે. આમ છતાં ગણિતશાસ્ત્ર,

તત્ત્વજ્ઞાન, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર જેવા વિષયની સૈદ્ધાંતિક ચર્ચા સરળ કરવા જતાં વિષયનાં તત્ત્વથી દૂર થયા જેવુ ના થાય તે માટે આ પ્રકારના વિષયનું નિરૂપણ સ્પષ્ટ હોવા છતાં અધિકારી વાચક પૂરતું મર્યાદિત બને તેમ રાખવાનો પ્રયત્ન કરેલો છે. અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર વગેરે વિષયોમાં માહિતીને સુગમ બનાવવા માટે આકૃતિઓ અને કોઠાનો ઉપયોગ કર્યો છે. સાથે વિજ્ઞાન, ભૂગોળ અને ઈતિહાસ જેવા વિષયોમાં અને ચરિત્રોમાં ચિત્રો અને છબીઓ પણ મૂકી આપી છે. ગ્રંથમાં મૂકેલી અધિકરણસૂચિમાં ઘણાં શીર્ષકો ગુજરાતી અને અંગ્રેજી એમ બંને ભાષામાં આપેલા છે. જે વિશ્વકોશમાં આયુર્વિજ્ઞાન અને ભૂસ્તરશાસ્ત્ર જેવા વિષયોમાં આ પ્રકારના શબ્દોના અનેક ઉદાહરણો જોવા મળે છે. તેમજ વિશ્વકોશની સમગ્ર ગ્રંથશ્રેણીમાં વિવિધ વિષયોની વિચારણા દરમ્યાન આવા અનેક પારિભાષિક શબ્દનો વિપુલ જથ્થો ઉપલબ્ધ બન્યો છે. જે સંપાદક ધીરુભાઈ ઠાકરે આ પ્રકારના શબ્દોની સૂચિ દરેક ગ્રંથનાં અંતમાં મૂકી આપી છે. વળી છેલ્લા ગ્રંથમાં સમગ્ર શ્રેણીમાં વપરાયેલા આવા પારિભાષિક શબ્દો માટે એક અલગ ગ્રંથમાં સંચય કરી આપ્યો છે.

ગુજરાતી વિશ્વકોશ સમગ્ર ગ્રંથશ્રેણીમાં શબ્દપસંદગી સંદર્ભ ચોકસાઈ અને સરળતાના માપદંડ જોવા મળે છે. સંપાદકે ગુજરાતીમાં રૂઢ ન હોય એવા શબ્દની પસંદગી કરવાને બદલે અખિલ ભારતીય દ્રષ્ટિએ ગુજરાતી ભાષાની પ્રકૃતિને અનુરૂપ શબ્દો યોજવાનો ઉપક્રમ રાખેલો જોવા મળે છે. જેમાં આયુર્વિજ્ઞાન, અંતરીક્ષવિજ્ઞાન અને ભૂસ્તરશાસ્ત્ર જેવા વિષયોમાં ધીરુભાઈએ અનેક નવા પારિભાષિક શબ્દો ઉપયોગ કરેલા તેના ઉદાહરણો જોવા મળે છે. ક્યાંક અપવાદરૂપ પરિસ્થિતિમાં રૂઢ અંગ્રેજી શબ્દના પ્રયોગો પણ થયેલા જોવા મળે છે. પણ મોટાભાગે વક્તવ્યમાં સળંગ ગુજરાતી અધ્યાસ સાચવ્યો હોવાનું જણાય આવે છે. સાથે શાસ્ત્રીય વિષયનિરૂપણમાં અંગ્રેજી કે અન્ય બિનગુજરાતી શબ્દનો ગુજરાતી પારિભાષિક પર્યાય મૂકવાનો સામાન્ય ઉપક્રમ અહીં જોવા મળે છે. વળી કોઈ પરિભાષાનો પ્રથમ વાર પ્રયોગ કરતી વખતે ગુજરાતી શબ્દની સાથે અંગ્રેજી શબ્દને પણ સ્થાન આપ્યું છે. છતાં પણ મોટાભાગે તેમણે ગુજરાતી પર્યાયનો ઉપયોગ કરવાનું વલણ અપનાવેલું છે.

સંપાદક ધીરુભાઈ ઠાકર દ્વારા તૈયાર થયેલ અનેક વિશેષતાઓથી મંડિત ગુજરાતી વિશ્વકોશ ગુજરાતી સાહિત્ય જગતમાં આગવું સ્થાન ધરાવે છે. તેમ છતાં આ પ્રકારનો સર્વસંગ્રાહક વિશ્વકોશ ગુજરાતી ભાષામાં પ્રથમ વાર તૈયાર થયો હોવાના કારણે તેમાં વિષય-અધિકરણ યાદીની કેટલીક ત્રુટિઓ રહી જવાનો પૂરો સંભવ છે. ડંકેશ ઓઝાને આ કોશ વધુ ગુજરાતી અને વિશ્વકોશ ઓછો હોવાનું પ્રતીત થયું હતું. તેમજ આ વિશ્વકોશના વિષય-અધિકરણ પરત્વે પણ તેમણે સવાલ ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે, *"'પુલિત્ઝર પ્રાઈઝ'ની એન્ટ્રી પૂર્વઆયોજનમાં ન આવી હોય, નીરદ ચૌધરી પણ ન દેખાયા હોય અને તે પરિશિષ્ટમાં સમાવાયા તે યોગ્ય નથી લાગતું. ઊર્મિલાબહેન પટેલ કે કેશુભાઈ પટેલ અને ડાહ્યાભાઈ પટેલ કે મુકુંદ પરીખ જેવા અનેકનાં અધિકરણો 'વિશ્વકોશ'માં કઈ રીતે આમેજ થઈ શકે ? ગુજરાતના એકમાત્ર માણભટ્ટ ધાર્મિકલાલ પંડ્યા વિશે અધિકરણ ન હોય અને પૌરાણિક પરંપરામાં એક જ વાક્યમાં તેમની આગળ ડેમેજિંગ વિશેષણ હોય તો શું કહેવું ? 'નિરીક્ષક', 'ભૂમિપત્ર' વિશે અધિકરણ હોય અને નવી કેડી કંડારનાર 'નયા માર્ગ'તેમાં કેમ ન હોય ? 'ભારતીય જનતા પક્ષ' જેવા મહત્ત્વના વિષય માટે કેમ વિશેષ યોગ્યતાવાળા લેખક ન મળે ?"* [૯] ડંકેશ ઓઝા ઉપરાંત ક્યાંક રમણ સોનીએ પણ આ અંગે સવાલ ઉઠાવ્યો હતો. તેમણે અધિકરણનો વિસ્તાર, મોનોગ્રાફ પ્રકારના લાંબા અધિકરણો અને તેમાં જોવા મળતી ટેકનિકલ ભાષા વગેરે પ્રત્યે ધ્યાન દોર્યું હતું. જેમ કે ગાંધીજી વિશે ચી.ના. પટેલે લખેલું અધિકરણ ૪૫ પાનાંનું વિસ્તૃત અધિકરણ પ્રાપ્ત થાય છે પણ તેમાં ગાંધીજીના મહત્ત્વના એક પણ પુસ્તકનો ઉલેખ્ખ આપણને મળતો નથી. વળી ફિલ્મ અભિનેત્રી 'શબાના આઝમી' પર અધિકરણ છે તો અકાદમી પુરસ્કાર વિજેતા ઉર્દૂ કવિ 'કૈફી આઝમી' વિશેનું એકપણ અધિકરણ મળતું નથી. આવી અનેક ભૂલો પ્રત્યે ડંકેશ ઓઝા અને રમણ સોનીએ પ્રશ્નો ઉઠાવ્યા હતા. પરંતુ આ કોઈ સાહિત્યકોશ કે ઈતિહાસગ્રંથ નથી આ એક વિશ્વકોશ છે તેથી આ પ્રકારની પ્રારંભિક ભૂલો નજરે ચડી હતી. તેમ છતાં પછીના ગ્રંથોની શ્રેણીઓની નવી આવૃત્તિઓમાં ધીરુભાઈએ જરૂરી સુધારા-વધારા સાથે સમાવેશ કરી આપ્યો હતો.

આ વિશ્વકોશની શ્રેણીમાં ક્યાંક સંપાદનને લગતી કેટલીક ક્ષતિઓ પણ જોવા મળે છે. જેમ કે વ્યક્તિ વિશેના અધિકરણોમાં જન્મ-મૃત્યુની તારીખો મુકાઈ છે પરંતુ અમુક જગ્યાએ માત્ર વર્ષનો જ ઉલ્લેખ છે. આર્નોલ્ડ મેથ્યુમાં જન્મતારીખ મળે છે પણ મૃત્યુ તારીખ પ્રાપ્ત થતી નથી. એજ રીતે આર્નોલ્ડ, સર એડિવનમાં પણ માત્ર વર્ષોનો જ ઉલ્લેખ માત્ર છે. વળી 'કલાપી'માં જન્મ-મૃત્યુની તારીખો આપી છે પરંતુ 'કવિ દલપતરામ'માં માત્ર વર્ષનિર્દેશો છે. આ વિશ્વકોશમાં ક્યાંક પ્રતિનિર્દેશોની વ્યવસ્થા એકધારી થયેલી જોવા મળતી નથી. દલપતરામ વિશેના અધિકરણમાં 'કવિ દલપતરામ'ના ક્રમમાં છે. પરંતુ કોઈ અભ્યાસી માત્ર 'દલપતરામ' એવા ક્રમે માત્ર શોધવાનો પ્રયત્ન કરે તો ત્યાં અધિકરણ કે પ્રતિનિર્દેશો ઉલ્લેખ નથી. સંપાદકને શબ્દ સંખ્યાને નિયંત્રિત કરવામાં ક્યાંક મુશ્કેલીઓ આવી થઈ હશે. આમ છતાં ધીરુભાઈએ ત્યારપછીની નવી આવૃત્તિમાં આ પ્રકારની ભૂલ સુધારી પણ લીધેલી જોવા મળે છે.

ધીરુભાઈ ઠાકરના મુખ્ય સંપાદકના નેજા હેઠળ તૈયાર થયેલો ગુજરાતી વિશ્વકોશ ઈ.સ. ૧૯૮૫થી ૨૦૦૯ એમ કુલ ૨૭વર્ષમાં ગુજરાતી વિશ્વકોશના ૨૫ ગ્રંથોનું પ્રકાશન થયું હતું. જેમાં ૧૭૦ જેટલા વિષયો સમાવેશ પામ્યા છે. ગુજરાતી વિશ્વકોશ ગ્રંથ શ્રેણી (અ-આ, આ-ઈ, ઈ-ઔ, ક-કૃ કે-ખ્વા, ગ-ઘો, ચ-જ, ઝ-ત, થ-ન, ના-પ, પ, પૌ, પ્યા-ફ, બ-બૉ, બો-ભૂ, મ-મા, મા-મ્હા, ય-રાં, રિ-લૂ, લે-વા, વિ-વૈ, વો-ય, સ-સા, સા-સૈ, સો-સ્વો, હ-હ્) સાથે સમગ્ર ગ્રંથ શ્રેણીમાં ૨૩,૦૯૦ જેટલા અધિકરણનો સમાવેશ થયો છે. જેમાં ૭,૯૬૫ માનવવિદ્યાઓ, ૭,૯૩૫ વિજ્ઞાન વિષયક, ૭,૧૯૦ સમાજવિદ્યા, ૬,૯૬૭ લઘુચરિત્રો, ૫૩૮ વ્યાપ્તિલેખો, ૨૪૮ અનૂદિત લેખો અને ૧૧,૨૯૮ ચિત્રો અને આકૃત્તિઓનો સમાવેશ થયેલો જોવા મળે છે. આ વિશ્વકોશ કુલ ૧,૫૯૩ જેટલા લેખકો દ્વારા તૈયાર થયેલો છે જેમાં ૧,૭૩,૫૦,૦૦૦(એક કરોડ તોતેર લાખ અને પચાસ હજાર)જેટલી શબ્દસંખ્યા ધરાવતો ગુજરાતી ભાષાનો સર્વપ્રથમ સર્વસંગ્રાહક વિશ્વકોશ બન્યો છે. જે ખરેખર ગુજરાત અને ગુજરાતી ભાષા માટે ગૌરવવંતી ઘટના છે. આથી જ રમણ સોની ગુજરાતી વિશ્વકોશ સંદર્ભ નોંધે છે કે, *"ગુજરાતી વિશ્વકોશ એ રીતે જોતાં ગુજરાતી ભાષાનો સૌથી મહત્ત્વનો બહોળો જ્ઞાનસંદર્ભ છે- ગુજરાતી પ્રજા માટે એક મોટી ઉપકારક ઘટના છે. અંગ્રેજી જાણનારની સામે તો વિશ્વના હજુ મોટા કોશો છે*

*એટલે આ કોશ ઉપયોગી ન ગણાય- એવું કહી શકાય એમ નથી, કેમ કે અહીં વ્યાપક ને વૈશ્વિક જ્ઞાનવિષયસામગ્રી તો છે જ પણ એ ઉપરાંત ગુજરાતનાં સાહિત્ય-કલા-સંસ્કૃતિ-વ્યક્તિવિભૂતિઓ-સ્થળો-પ્રવૃત્તિઓ આદિ વિશે ઘણી મોટી અધિકરણસામગ્રી છે."* [10] આ પ્રકારનો રમણ સોનીનો અભિપ્રાય ગુજરાતી વિશ્વકોશ ગ્રંથ શ્રેણી જોતાં યથાર્થ લાગે છે.

ગુજરાતી વિશ્વકોશની સમગ્ર ગ્રંથ શ્રેણીમાં ધીરુભાઈ ઠાકરની સંપાદક તરીકેની વિશેષતાઓ ધ્યાન ખેંચ્યા વગર રહેતી નથી. કોઈપણ પ્રકારની ઉતાવળમાં પડ્યા વગર સંપૂર્ણ વિચારવિમર્શ કરીને કોશની તેમણે કામગીરી કરી છે. સંપાદકે વિષયલેખોની બે રીતે વિષયનિષ્ણાત અને ભાષાભિવ્યક્તિની દ્રષ્ટિએ ચકાસણી કરી છે. વિષયલેખ ભાષાનિષ્ણાત અને વિષયનિષ્ણાત દ્વારા પ્રમાણિત થાય પછી જ સંપાદકની નજર આગળથી પસાર થયો હતો. વળી તેમાં એકવાક્યતા જળવાય તેની પણ સંપૂર્ણ દરકાર ધીરુભાઈએ રાખી હતી. ખાસ તો ગુજરાતી વિશ્વકોશ તેમણે બે પ્રકારના સામાન્ય જિજ્ઞાસુ અને વિષયના વિશિષ્ટ અભ્યાસમાં રુચિ ધરાવનારા વાચકોને ધ્યાનમાં રાખીને કર્યો છે. આથી ક્યાંક અમુક અધિકરણો ટેકનિકલ વિષયના હોવાથી તેનું નિરૂપણ તેમણે ટેકનિકલ પદ્ધતિએ કરી આપ્યું છે. આ માટે તેમણે ખાસ પરિભાષા પણ ઊભી કરી આપી છે. ટૂંકમાં ધીરુભાઈએ ગુજરાતી વિશ્વકોશને વિશ્વકોશનું પૂર્ણ રૂપ આપવા માટે અનેકવિધ પ્રક્રિયામાંથી પસાર થઈને તેને સંપૂર્ણ બનાવવાનો પ્રયત્ન કર્યો છે. આથી જ પ્રફુલ્લ રાવલ ધીરુભાઈ ઠાકરની ગુજરાતી વિશ્વકોશમાં તેમની સંપાદકીય પ્રવૃત્તિને મૂલવતાં કહે છે કે, *"'ગુજરાતી વિશ્વકોશ'ના પચ્ચીસ ગ્રંથોનું સંપાદન ધીરુભાઈ ઠાકરને ઉચ્ચ કોટિના સંપાદક તરીકે પ્રતિષ્ઠિત કરે છે. ભૂમિકાખંડ જ એમની સંપાદક-સૂઝનો નમૂનો છે અને ક્રમશઃ પ્રસિદ્ધ થયેલા પચ્ચીસ ગ્રંથો અપાર પરિશ્રમ, વિદ્વત્તા અને ચતુર્દિશ વ્યાપ્ત દ્રષ્ટિનો સાક્ષાત્કાર કરાવે છે. આ ગ્રંથો ગુજરાતી સાહિત્યની મોંઘી જણસ સમા છે. આ તો એમની ઉત્તરવયની પ્રવૃત્તિ હતી એટલે પરિપક્વતાનો લાભ એને મળે એ સ્વાભાવિક છે."* [11] પ્રફુલ રાવલના આ પ્રકારના અભિપ્રાયમાં સંપાદક ધીરુભાઈ ઠાકરની વિશેષતાઓને ઉજાગર કરી આપે છે.

ગુજરાતી વિશ્વકોશની સમગ્ર ગ્રંથ શ્રેણીમાંથી પસાર થતાં તેમના સંપાદક તરીકેના ગુણો ધ્યાનમાં આવ્યા વગર રહેતા નથી

વિશ્વકોશકાર ધીરુભાઈ ઠાકરે અનેકવિધ નિષ્ણાતો અને દાતાઓના સહાયથી બીજી ડિસેમ્બર ૧૯૮૫ના રોજ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની સ્થાપના કરી હતી. તેના પરિણામે ઈ.સ. ૧૯૮૭થી ૨૦૦૯એમ બાવીસ વર્ષના સમયગાળામાં ગુજરાતી વિશ્વકોશના ૨૫ગ્રંથો સુલભ કરી આપ્યા હતા. વિશ્વકોશનું શરૂઆતનું કામ દાનવીરોની મદદથી આગળ વધ્યું હતું. પ્રથમ ગ્રંથ ૨-૧૨-૧૯૮૯ના દિવસે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના પૂ. પ્રમુખસ્વામી મહારાજને હસ્તે વિમોચન થયો હતો. જે પૂ. શ્રીમોટાને અર્પણ કર્યો હતો. વિશ્વકોશનો બીજો ગ્રંથ પૂ. પ્રમુખસ્વામી મહારાજને અર્પણ થયો હતો અને તેમની તરફથી સવા પંદર લાખનું દાન મળ્યું હતું. વળી ત્રીજા ગ્રંથનું વિમોચન એ વખતે મુખ્યમંત્રી ચીમનભાઈ પટેલના હસ્તે થયું અને તેમણે અવસાનના આગલા અઠવાડિયે જ ગુજરાતી વિશ્વકોશની ગ્રંથ શ્રેણી પ્રકાશન ખર્ચના પચાસ ટકા જેટલા અનુદાનની મંજૂરી પર તેમણે સહી કરી આપી હતી. ત્યારપછી વિશ્વકોશના નવમાં ગ્રંથના વિમોચન પ્રસંગે મુખ્યમંત્રીશ્રી શંકરસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે પ્રત્યેક ગ્રંથ માટે ૧૦૦ ટકા પ્રકાશન ખર્ચ મળ્યા કરે તે રીતે ગ્રાન્ટ ફાળવી આપી હતી. આમ, પૂજ્ય મોટાના આશીર્વાદથી શરૂ થયેલી આ પ્રવૃત્તિ સરકાર અને અનેક દાનવીરોની મદદથી સ્થિર થઈ હતી. એટલું જ નહીં પણ વિશ્વકોશની પ્રવૃત્તિ કાયમી અને વ્યવસ્થિત ચાલે તે માટે એ સમયના મુખ્યમંત્રી કેશુભાઈ પટેલની સરકાર દ્વારા મકાન માટે વિનામૂલ્ય જમીન પણ ફાળવી આપી હતી. તેના પરિણામે અમદાવાદ ઉસ્માનપુરા વિસ્તારમાં ૨૦૦૫માં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ભવનનું નિર્માણ થયું હતું.

ગુજરાતી વિશ્વકોશના ૨૫ ગ્રંથોમાં અનેકવિધ અધિકરણો છે તેમાં ૧૮,૦૦૦ જેટલા પારિભાષિક શબ્દોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેનો પ્રથમ પરિભાષાકોશ આ ટ્રસ્ટ તરફથી પ્રગટ થઈ ચૂક્યો છે. આ પરિભાષાકોશમાં કલાઓ, તત્ત્વજ્ઞાન, સામાજિક શાસ્ત્રો જેવા વિષયોના પારિભાષિક શબ્દો સમાવવામાં આવ્યા છે. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા હવે પછી પ્રકાશિત થનાર પરિભાષાકોશના બીજા વિભાગમાં એપોલો

આયુર્વેદિક વગેરેનો ચિકિત્સા અને સારવાર વિભાગમાં સમાવેશ થયેલા વિષયો પરના પારિભાષિક શબ્દો આપવામાં આવશે.

સાંપ્રત સમયમાં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા જુદી જુદી વ્યાખ્યાનશ્રેણીનું આયોજન કરવામાં આવે છે. જેમ કે વિશ્વની ગતિવિધિ અને વિવિધ જ્ઞાનશાખાઓને લગતી માહિતી આપતું શ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ માહિતી-કેન્દ્ર, સાહિત્ય, કલા, ઈતિહાસ અને વિજ્ઞાનની વિવિધ શાખાઓમાં થતાં સંશોધનનું પ્રકાશન કરતું હારી ૐ આશ્રમ, સૂરત પ્રેરિત પૂજ્ય શ્રીમોટા સંશોધન-કેન્દ્ર, વિશ્વકોશો, શબ્દકોશો, સંદર્ભગ્રંથો, દસ્તાવેજો, ચિત્રો વગેરેથી સમૃદ્ધ શ્રીમતી વિદ્યાબહેન દીપચંદભાઈ ગારડી ગ્રંથાલય, ચિત્ર, નૃત્ય, સંગીત, નાટક જેવી વિવિધ કલાનું સંગમતીર્થ વિશ્વકોશ લલિતકલા-કેન્દ્ર, ગુજરાતની સંસ્કૃતિનો પરિચય આપતું અને ગુજરાત વિશેની માહિતી ધરાવતું શ્રીમતી હીરાલક્ષ્મી નવનીતભાઈ શાહ ધન્ય ગુર્જરી કેન્દ્ર અને માતૃભાષાના સંવર્ધન માટે બાળકો અને કિશોરો અંગેનું સાહિત્ય પ્રકાશન અને પ્રવૃત્તિઓ માટે શ્રી ધીરૂબહેન પટેલ બાળ-કિશોર સાહિત્ય-કેન્દ્ર. વિશ્વકોશમાં કાર્યરત આવા અનેક કેન્દ્રોથી સંસ્કૃતિક પ્રવૃત્તિઓથી આ ટ્રસ્ટ હંમેશા સક્રિય રહ્યું છે.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં ગુજરાતી ભાષા-સાહિત્ય-સંસ્કૃતિને ઉજાગર કરતાં અનેકવિધ કાર્યક્રમો પૂરક પૃવૃત્તિરૂપે અત્યારે ચાલે છે. તેમાં બીજું મહત્ત્વનું કાર્ય આ ટ્રસ્ટ તરફથી વિશ્વકોશના જેટલું મહત્ત્વ ધરાવતાં અનેક પુસ્તકોનું પ્રકાશન કરે તે છે. જેમાં શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ વિદ્યાવિસ્તાર ગ્રંથશ્રેણી અંતર્ગત 'ગાંધીચરિત', 'મેઘાણીચરિત', 'શહીદ વીર વિનોદ કિનારીવાલા', 'તરસ્યા મલકનો મેઘ', 'વિક્રમ સારાભાઈ', જેવા વ્યક્તિચરિત્રના પુસ્તકો છે. 'અભિનય નાટકો', 'નાટક દેશવિદેશમાં', 'ગુજરાતી રંગભૂમિ રિદ્ધિ અને રોનક', 'નાટ્યતાલીમના નેપથ્યે' વગેરે રંગભૂમિ અને નાટકને અનુલક્ષીને લખાયેલા ઉત્તમ પુસ્તકો છે. વળી 'લિપિ', 'હસ્તપ્રત વિજ્ઞાન', 'તળની બોલી' જેવા પુસ્તકો સંશોધકોને માટે ઉપયોગી સર્વગ્રાહી બની રહે છે. 'માનવજનીન વિજ્ઞાન', 'રસાયણ વિજ્ઞાનનો ઈતિહાસ', અને 'ઊર્જા' જેવા પુસ્તકો વિજ્ઞાનમાં રુચિ ધરાવનાર માટે ઉપયોગી બની રહે તેમ છે. 'ગુજરાતનો ઔદ્યોગીક વિકાસ', 'ભારત: પ્રતિભા અને પરિદર્શન'અને

'વિશ્વનું શિલ્પ-સ્થાપત્ય' જેવા વિસ્તૃત માહિતી ધરાવતાં પુસ્તકો છે. આ ઉપરાંત 'ગાંધીજી અને પાંચ સાક્ષરો', 'સત્યની મુખોમુખ'અને 'સિદ્ધાંતસારનું અવલોકન' જેવા સાહિત્યિક ગ્રંથો પણ આ ટ્રસ્ટ તરફથી પ્રકાશિત થયા છે. 'સંખ્યાઓની સૃષ્ટિ', 'ભૂમિતિ', 'બીજગણિત' અને 'સ્વાધ્યાય-વિશેષ જેવા શૈક્ષણિક સંશોધનને લાગતાં પુસ્તકો અત્યંત મહત્ત્વના છે. સંસ્કૃતિસૂચિ, વસંતસૂચિ, ગુજરાતી ગ્રંથસૂચિ ૨૦૦૬ અને ગુજરાતી ગ્રંથસૂચિ ૨૦૦૭ જેવી સૂચિઓ સંશોધકો માટે મહત્ત્વની બની રહે તેટલી સાર્થક છે. 'કેન્સર'અને 'ત્રિફળા' જેવા ગ્રંથો પણ આરોગ્યવિષયક માહિતી આપતા પુસ્તકો છે. ટૂંકમાં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે અત્યાર સુધીમાં ૯૩ જેટલા પુસ્તકોનું પ્રકાશન કર્યું છે. આ ટ્રસ્ટ સામાન્ય રીતે જોઈએ તો જે પ્રકાશકો જે પુસ્તકો પ્રગટ કરતાં ન હોય તેવા જ્ઞાનવિજ્ઞાનના વિષયોને અનુલક્ષી પુસ્તકો પ્રગટ કરે છે. વળી વિશ્વકોશની સાહિત્યિક અને સંશોધનાત્મક પ્રવૃત્તિને લક્ષમાં રાખીને પણ પુસ્તકો પ્રગટ કરવામાં આવે છે.

ગુજરાતી પ્રજાને વિશ્વની પ્રવર્તમાન ગતિવિધિ, સંશોધન અને વિશ્વકોશમાં ચાલતી પ્રવૃત્તિઓથી માહિતગાર કરવા માટે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટે 'વિશ્વવિહાર' નામનું સામયિક શરૂ કર્યું હતું. ડૉ. કુમારપાળ દેસાઈના તંત્રી પદે પ્રગટ થતું આ સામયિક ૨૨ વર્ષ પૂર્ણ કરીને ઑક્ટોબર ૨૦૨૦માં ૨૩માં વર્ષમાં પ્રવેશ કરશે. આ સામયિકનું લવાજમ ફક્ત ૧૫૦ રૂપિયા અને ત્રણ વર્ષનું ૪૫૦ રૂપિયા રાખવામાં આવ્યું છે. 'વિશ્વવિહાર' સામયિકનો ઉદ્દેશ્ય દુનિયાની પ્રવર્તમાન સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક સમસ્યાઓ વિશે જાગૃતિ કેળવાય તેવું ધ્યેય રાખવામાં આવ્યું છે.

ગુજરાત વિશ્વકોશનું બીજું મહત્ત્વનું કાર્ય તે બાળવિશ્વકોશ અંગેનું છે. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ તરફથી જ્યારે ગુજરાતી વિશ્વકોશનો પ્રથમ ગ્રંથ પ્રગટ થયો હતો ત્યારે જ બાળવિશ્વકોશના પ્રથમ ગ્રંથનું વિમોચન થયું હતું. જે અત્યારે દસ ગ્રંથોમાં પ્રકાશિત થયા છે. બાળવિશ્વકોશની દસ ગ્રંથોની શ્રેણીમાં ૨,૩૫૦ લેખો, ૭૨૨ ચરિત્રો, ૬,૧૭૬ ચિત્રો, ૧૫૮ નકશાઓ અને ૪૧ જેટલાં આલેખો પ્રગટ થયા છે. આ શ્રેણીના ગ્રંથની કુલ પૃષ્ઠ સંખ્યા ૨,૯૭૨ છે. બાળકેળવણીકાર શ્રી ગિજુભાઈ બધેકાનો સંકલ્પ હતો કે ગુજરાતને પોતાનો બાળવિશ્વકોશ હોવો જોઈએ તે સંકલ્પ અત્યારે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા સાકર થઈ રહ્યો છે તે આનંદની

વાત છે. અત્યારે બાળવિશ્વકોશના મુખ્ય સંપાદક તરીકે ચંદ્રકાન્ત શેઠ કામ કરી રહ્યા છે. સાંપ્રત સમયમાં આ બાળવિશ્વકોશ જ્ઞાનવિજ્ઞાનના એક શૈક્ષણિક સંદર્ભગ્રંથ તરીકે તેની પ્રતિષ્ઠા થઈ છે. ગુજરાત વિશ્વકોશનું વિશેષ મહત્ત્વનું કાર્ય તે અર્વાચીન નારીકોશ, વિજ્ઞાનકોશ, વનસ્પતિ ઔષધકોશ, જીવ-વિજ્ઞાનકોશ, બૃહદ નાટ્યકોશ અને પરિભાષાકોશ ભાગ-૨ છે. વળી ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા આર્કાઈવ્ઝ વિભાગમાં ઐતિહાસિક દ્રષ્ટિએ મહત્ત્વની વસ્તુઓ જાળવવામાં આવે તે છે. આ વિભાગમાં ગુજરાતી ભાષામાં એક વ્યક્તિએ  એકલે હાથે જ્ઞાનચક્રને નામે વિશ્વકોશ તૈયાર કરવાનો પ્રયત્ન કર્યો હતો તેની હસ્તપ્રત અહીં સાચવી રાખવામાં આવી છે. સાથે પંડિતયુગના સાક્ષર ગોવર્ધનરામ ત્રિપાઠીની કાવ્યકૃતિ 'સ્નેહમુદ્રા' એમના જ હસ્તાક્ષરમાં સચવાયેલી પ્રાપ્ત થાય છે. શાયર મરીઝની ડાયરી અને નાટ્યકાર ચંદ્રવદન મહેતાની સ્મૃતિભેટો પણ આ આર્કાઈવ્ઝ વિભાગમાં જોવા મળે છે. વળી અનેકવિધ સાહિત્યકારો અને કલાકારોના જીવનની તસવીરો પણ અહીં સીડી રૂપે જાળવી રાખવામાં આવે છે.

ધીરુભાઈ ઠાકરે જીવનના ત્રણ દાયકા ગુજરાતી વિશ્વકોશ તૈયાર કરવામાં અર્પણ કર્યા હતા. તેમણે વાવેલું ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનું બીજ આજે એક વિશાળ વૃક્ષ રૂપે ફેલાયેલુ જોવા મળે છે. દરેક રાજ્યને પોતાની માતૃભાષામાં વિશ્વકોશ હતો ત્યારે ગુજરાતી ભાષામાં પોતાનો આગવો કહી શકાય એવો સર્વસંગ્રાહક વિશ્વકોશની ઉણપ હતી. ત્યારે પાકટ વયે ધીરુભાઈ ઠાકરે ગુજરાતી વિશ્વકોશની ૧થી ૨૫ ગ્રંથોની શ્રેણી રચીને ગુજરાતની પ્રજા માટે વિશ્વજ્ઞાનની ક્ષિતિજો ઉગાડી આપી છે. તેમણે કરેલું કાર્ય ગુજરાતી ભાષા જ્યાં સુધી રહેશે ત્યાં સુધી તેમનું પ્રદાન ગુજરાતી સાહિત્ય જગતમાં અવિસ્મરણીય રહેશે. તેમણે કરેલા અન્યય પ્રદાન બદલ તેમની સ્મૃતિમાં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા ૨૭મી જૂનના રોજ ધીરુભાઈ ઠાકરના જન્મદિવસે 'પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત એવોર્ડ' આપવામાં આવે છે. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા સામાન્ય રીતે 'સવ્યસાચી સારસ્વત એવોર્ડ' સંગીત, નૃત્ય, ચિત્રકલા, સાહિત્ય જેવા ક્ષેત્રોમાં પ્રદાન કરનારને આ પુરસ્કાર આપવામાં આવે છે. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા આ એવોર્ડ અનુક્રમે શ્રી નારાયણ દેસાઈ, શ્રી મૃણાલિની સારાભાઈ, શ્રી મંજુ મહેતા, શ્રી બાલકૃષ્ણ દોશી, શ્રી ભરત દવે અને શ્રી નિરંજન

રાજ્યગુરુને આપવામાં આવ્યો હતો. વળી ૨૪મી જાન્યુઆરીએ શ્રી ધીરુભાઈ ઠાકરની પુણ્યતિથિએ શિક્ષણ, લલિતકલા, ભાષા, પત્રકારત્વ અને સાહિત્યમાં મહત્ત્વનું પ્રદાન કરનાર સંસ્થાને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા એક લાખ રૂપિયાનો એવોર્ડ એનાયત કરવામાં આવે છે. આ ઉપરાંત ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા વિવિધ ક્ષેત્રની પ્રતિભાનું અભિવાદન કરતાં બીજા એવોર્ડ પણ આપવામાં આવે છે. જેમ કે સમાજના છેવાડાના માણસોના માટે કામ કરનારને 'શ્રી મનસુખભાઈ મેદાણી સમાજ-ઉત્કર્ષ એવોર્ડ આપવામાં આવે છે. આ એવોર્ડ અત્યાર સુધીમાં સંજય તુલા, મિત્તલ પટેલ અને શ્રી હસમુખભાઈ પટેલ એમ ત્રણ વ્યક્તિને આપવામાં આવ્યો છે. સાથે સમાજમાં કોઈ નવા વિચાર અને ટેકનૉલોજીના માધ્યમથી સામાજિક પરિવર્તન લાવનારને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા 'શ્રી ચિનુભાઈ આર. શાહ જીવનશિલ્પી એવોર્ડ' એનાયત કરવામાં આવે છે. ૨૦૧૮માં આ એવોર્ડ શ્રી હિમાંશુ પટેલને આપવામાં આવ્યો હતો. સાથે પ્રા. અનંતરાય મ. સ્મારક ટ્રસ્ટ, શ્રી ચંદ્રવદન ચી. મહેતા સ્મારક સમિતિ, આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી ચંદ્રક સમિતિ, ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી, શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ જેવા ટ્રસ્ટોનાં કાર્યક્રમોનું આયોજન પણ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં કરવામાં આવે છે. વળી ગુજરાત વિદ્યાસભા, રવીન્દ્રભવન વગેરે સંસ્થાઓના સહયોગમાં પણ આ ટ્રસ્ટમાં કાર્યક્રમો કરવામાં આવે છે.

ધીરુભાઈ ઠાકરે વિશ્વકોશથી શરૂ કરેલી યાત્રા આજે આ ટ્રસ્ટ વિશ્વસંસ્કૃતિ સુધી પ્રયાણ કરી રહી છે. વિશ્વકોશની પ્રવૃત્તિ એ ગુજરાતના સંસ્કારજીવનમાં મોટી દેણ છે. ગુજરાતી ભાષામાં વિશ્વકોશ હોવો જોઈએ એવા સંકલ્પ સાથે ધીરુભાઈ ઠાકરે આ પ્રવૃત્તિ શરૂ કરી હતી. ત્યારપછી પદ્મશ્રી કુમારપાળ દેસાઈના માર્ગદર્શન હેઠળ આ સંસ્થા અનેક સિદ્ધિઓ હાંસલ કરતી જાય છે. ગુજરાતી વિશ્વકોશના ૨૫ ગ્રંથોમાં ૨૩,000થી વધુ અધિકરણો જે તે વિષયની પ્રમાણભૂત માહિતી પીરસી આપે છે. ટૂંકમાં ગુજરાતી વિશ્વકોશે એ સાબિત કરી આપ્યું છે કે ગુજરાતી પ્રજામાં પણ એવી અનોખી શક્તિ રહેલી છે કે જે ધારેલી સિદ્ધિ મેળવી શકે છે. ગુજરાતની પ્રજાને વ્યાપારની સાથે વિદ્યાપ્રીતિમાં પણ રસ રહેલો છે એની પ્રતીતિ પણ ગુજરાતી વિશ્વકોશ થકી આપણને થાય છે.

# સંદર્ભસૂચિ


૧ સ્મરણમાધુરી: ધીરુભાઈ ઠાકર, પ્ર.આ. ૨૦૦૮, પૃ- ૨૨૯

૨ એજન, પૃ- ૨૩૦

૩ એજન, પૃ- ૨૩૦

૪ એજન, પૃ- ૨૩૦

૫ ગુજરાતી વિશ્વકોશ ભૂમિકાખંડ: ધીરુભાઈ ઠાકર, પ્ર.આ. ૧૯૮૭, પૃ- ૧૬

૬ ધીરુભાઈ ઠાકરની મુલાકાત: રમણ સોની, પ્રત્યક્ષ, ઓક્ટોબર-ડિસેમ્બર, ૧૯૯૯, અંક, ૪, પૃ- ૩૨

૭ એજન, પૃ- ૩૩

૮ એજન, પૃ- ૩૩

૯ એજન, પૃ- ૨૫

૧૦ 'ગુજરાતી વિશ્વકોશ': એક સર્વગ્રાહી, સમૃદ્ધ જ્ઞાનસંદર્ભ: રમણ સોની, પ્રત્યક્ષ, જૂન, ૧૯૯૯,પૃ- ૪

૧૧ સંપાદક ધીરુભાઈ ઠાકર: પ્રફુલ રાવલ, બુદ્ધિપ્રકાશ, જાન્યુઆરી, ૨૦૨૦, અંક, ૧, પૃ- ૩૦